પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૧૫૮ | ૧૮ ઓગસ્ટ, ૨૦૨૧, બુધવાર; શ્રાવણ સુદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# રેકોર્ડ : એક જ દિવસમાં ૮૮ લાખનું રસીકરણ

## ૫૫ કરોડ ૪૭ લાખથી વધુ લોકોને કોરાના વાયરસની વેક્સીન અપાઈ : દેશમાં પાંચ મહિના બાદ કોરોનાના દૈનિક કેસોમાં સૌથી મોટો ઘટાડો : છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં ૨૫,૧૬૬ નવા પોઝિટિવ કેસો નોંધાયા, ૪૩૭ દર્દીનાં મોત



નવી દિલ્હી,તા.૧૭

દેશમાં કોરોનાની ત્રીજી લહેરના ડરની વચ્ચે કોવિડ વેક્સીનેશન અભિયાન વેગવંતુ બની ગયું છે. સોમવારે એક જ દિવસમાં ૮૮ લાખથી વધુ લોકોનું રસીકરણ કરવામાં આવ્યું છે. આ ઉપરાંત કુલ ૫૫ કરોડ ૪૭ લાખથી વધુ લોકોને કોરોનાના ડોઝ આપવામાં આવી ચૂક્યા છે. આ ઉપરાંત રાહતની બીજી વાત એ છે કે, ૨૪ કલાકમાં સંક્રમિત થનારા દર્દીઓની સંખ્યા ૩૦ હજારથી નીચે નોંધાઈ છે. મંગળવાર સવારે સ્વાસ્થ્ય મંત્રાલયે જાહેર કરવામાં આવેલા આંકડાઓ મુજબ, છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં ૨૫,૧૬૬ નવા પોઝિટિવ કેસો નોંધાયા છે. આ ઉપરાંત કોવિડ-૧૯ના કારણે ૪૩૭ દર્દીઓએ પોતાના જીવ ગુમાવ્યા છે. દેશમાં હવે કુલ સંક્રમિતોની સંખ્યા વધીને ૩,૨૨,૫૦,૬૭૯ થઈ ગઈ છે. બીજી તરફ, દેશમાં કુલ ૫૫,૪૭,૩૦,૬૦૯ લોકોને કોરોના વેક્સીનના ડોઝ આપવામાં આવ્યા છે. શનિવારના ૨૪ કલાકમાં ૮૮,૧૩,૯૧૯ કોરોના વેક્સીનના ડોઝ આપવામાં આવ્યા છે. દેશમાં કોવિડ-૧૯ મહામારી સામે લડીને ૩ કરોડ ૧૪ લાખ ૪૮ હજાર ૭૫૪ લોકો સાજા પણ થઈ ચૂક્યા છે.

## કોરોનાનો એક કેસ મળતાં સમગ્ર ન્યૂઝીલેન્ડમાં લોકડાઉન

### ત્રણ દિવસનું સખ્ત લોકડાઉન લાગુ કરાયું

વેલિંગ્ટન,તા.૧૭

સમગ્ર વિશ્વમાં હજુ પણ કોરોના વાયરસનો કહેર વર્તાઈ રહ્યો છે. ઘણા દેશોમાં તો ખતરનાક ડેલ્ટાવેરિએન્ટે પણ તબાહી મચાવી છે. ત્યારે આ વચ્ચે ન્યૂઝીલેન્ડમાંથી સૌથી મોટા અહેવાલ આવ્યા છે. જેમાં ન્યુઝિલેન્ડમાં કોરોનાનો એક સામે આવવાથી સરકારે ખતરો ટાળવા ત્રણ દિવસનું સખ્ત લોકડાઉન જાહેર કર્યું છે. આ શંકાસ્પદ કેસ ડેલ્ટા વેરીએન્ટ હોય તેવું પ્રાથમિક તારણ આવ્યું છે, જેથી કરીને આ વાયરસ વધુના ફેલાય તે માટે ન્યૂઝીલેન્ડની પ્રધાન મંત્રી જેસિંડા અર્ડેને લોકડાઉનની જાહેરાત કરી છે.પીએમે જણાવ્યું કે છેલ્લા ૬ મહિનામાં કોઈ કેસ સામે આવ્યો નથી, પરંતુ કોઈ ચાન્સ લેવા માંગતા નથી.માહિતી અનુસાર, કોવિડ -૧૯ નો આ નવો કેસ ઓકલેન્ડમાં સામે આવ્યો છે. આ પછી, વડા પ્રધાન જેસિન્ડા આર્ડર્ને ઓકલેન્ડમાં સાત દિવસ અને અન્ય શહેરોમાં ત્રણ દિવસનું લોકડાઉન જાહેર કર્યું.

"અમે જોયું છે કે જો આપણે તેની ટોચ પર પહોંચવામાં નિષ્ફળ જઈએ તો બીજી જગ્યાએ શું થઈ શકે છે. અમને ફક્ત એક તક મળે છે,'' આર્ડર્ને ટેલિવિઝન દ્વારા દેશને સંબોધતા જણાવ્યું કે ન્યૂઝીલેન્ડના નેતાએ ઓસ્ટ્રેલિયાના સંઘર્ષો વિશે ટાંકીને જણાવ્યું હતું. જેમાં તેમના માટે અત્યંત પારગમ્ય ડેલ્ટા વેરિએન્ટનો સમાવેશ થાય છે. આ



કિસ્સામાં જે કેસ સામે આવ્યો છે તે શખ્સ ઓકલેન્ડનો રહેવાસી છે. આ ઓકલેન્ડના ૫૮ વર્ષીય માણસમાં શંકાસ્પદ વાયરસ મળી આવ્યો હતો. ન્યુઝિલેન્ડની કોરોનાવાયરસની મહામારીને લઈને સરકારે જે સખ્ત અને આકરું વલણ દાખવ્યું હતું તેના કારણે વાયરસ વધુ પ્રમાણમાં ફેલાયો નહોતો.

## પેગાસસ મામલે કેન્દ્રને સુપ્રીમની નોટિસ

### કેન્દ્રની સ્પષ્ટતા, કોઈ પણ સરકાર એ સાર્વજનિક નહીં કરે કે તેઓ કયા સોફ્ટવેરનો ઉપયોગ કરી રહી છે

નવી દિલ્હી, તા.૧૭

સુપ્રીમ કોર્ટે મંગળવારે પેગાસસ સ્નૂપિંગ કેસમાં કોર્ટની દેખરેખમા સ્વતંત્ર તપાસ માટે જનહિત અરજીઓ પર કેન્દ્ર સરકારે નોટિસ જારી કરી છે. કેન્દ્ર સરકારનું વારંવાર એ કહેવુ હતુ કે સુરક્ષા ઉદ્દેશો માટે ફોનને ઈન્ટરસેપ્ટ કરવા માટે કયા સોફ્ટવેરનો ઉપયોગ કરવામાં આવ્યો, આનો સાર્વજનિક રીતે ખુલાસો કરી શકાય નહીં. ભારતના પ્રધાન ન્યાયાધીશ એન વી રમનાની અધ્યક્ષતા વાળી ત્રણ સભ્યોની બેન્ચે કહ્યું કે તે કેસના તમામ પાસાને જોવા માટે વિશેષજ્ઞોની સમિતિ બનાવવાના કેન્દ્રના પ્રસ્તાવની તપાસ કરશે. સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને ૧૦ દિવસમાં અરજીઓ પર જવાબ આપવા માટે કહ્યુ છે. સુપ્રીમ કોર્ટ હવે બે સપ્તાહ બાદ આ મામલે સુનાવણી કરશે. સુનાવણી દરમિયાન કેન્દ્ર સરકાર તરફથી રજૂ સોલિસીટર જનરલ તુષાર મહેતાએ તર્ક આપ્યો કે સુરક્ષા અને સૈન્ય એજન્સીઓ દ્વારા રાષ્ટ્રવિરોધી અને આતંકવાદી ગતિવિધિઓની તપાસ માટે કેટલીક રીતે સોફ્ટવેરનો ઉપયોગ કરવામાં આવે છે. તેમણે કહ્યુ, કોઈ પણ સરકાર એ સાર્વજનિક નહીં કરે કે તેઓ કયા સોફ્ટવેરનો ઉપયોગ કરી રહી છે જેથી આતંકી નેટવર્ક પોતાના સિસ્ટમને મૉડિફાઈ કરી શકે અને ટ્રેકિંગથી બચી શકે. મહેતાએ કહ્યુ કે કેન્દ્ર સરકાર, નજર હેઠળ તમામ તથ્યોને એક વિશેષજ્ઞ તકનીકી સમિતિની સમક્ષ રાખવા માટે તૈયાર છે તો તે કોર્ટને એક રિપોર્ટ આપી શકે છે.

## અફઘાનમાંના અધૂરા પ્રોજેક્ટ પૂરા કરવા ભારતને અપીલ

### અફઘાનમાં ભારતના અબજોના પ્રોજેક્ટ અધ્ધર :એક અંદાજ પ્રમાણે અફઘાનિસ્તાનમાં ભારતે ત્રણ અબજ ડોલરની યોજનાઓમાં રોકાણ કર્યું છે, પ્રોજેક્ટ અટક્યા



કાબુલ, તા.૧૭

અફઘાનિસ્તાનમાં તાલિબાનોનુ શાસન સ્થપાઈ ચુકયુ છે અને બીજી તરફ ભારતના અબજો ડોલરના પ્રોજેક્ટ અફઘાનિસ્તાનમાં અધવચ્ચે છે. આ સંજોગોમાં તાલિબાને કહ્યુ છે કે, ભારતે અફઘાનિસ્તાનમાં પોતાના અધૂરા પ્રોજેક્ટ પૂરા કરવા જોઈએ.એક અંદાજ પ્રમાણે ભારતે અફઘાનિસ્તાનમાં ત્રણ અબજ ડોલરની યોજનાઓમાં રોકાણ કરેલુ છે. પાકિસ્તાની ન્યૂઝ ચેનલ સાથેની વાતચીતમાં તાલિબાન નેતાએ કહ્યુ હતુ કે, અફઘાનિસ્તાનની જમીનનો ઉપયોગ બીજા દેશો સામે કરવા નહીં દેવાય.તાલિબાન પ્રવક્તા સુહેલ શાહીને કહ્યુ હતુ કે, ભારત અફઘાનિસ્તાનમાં પોતાની અધૂરી યોજનાઓને પૂરી કરી શકે છે. ટીવી ચેનલના એક્રરના સવાલના જવાબમાં તાલિબને કહ્યુ હતુ કે, અમે પહેલા પણ કહી ચુકયા છે કે, અફઘાનિસ્તાનની જમીનનો ઉપયોગ કોઈ પણ દેશને બીજા દેશ સામે કરવા માટે પરવાનગી નહીં અપાય.

## અફઘાનથી ભારતીય નાગરિકોને એરલિફ્ટ કરાયા

જામનગર, તા.૧૭

ભારતીય નાગરિકોની સુરક્ષા માટે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી હંમેશા ચિંતિત અને તત્પર હોય છે. વિદેશમાં વસતા ભારતીય નાગરિકોની સુરક્ષા પણ પ્રધાનમંત્રી માટે ભારતમાં વસતા નાગરિકો જેટલી જ અગ્રતા ધરાવતી હોય છે. આજરોજ અફઘાનિસ્તાનથી ભારતીય નાગરિકોને એરલિફ્ટ કરી પ્લેન જામનગર એરફોર્સ બેઝ પર ૧૧:૧૫ કલાક આસપાસ પહોંચ્યું હતું. અફઘાનિસ્તાનમાં રહેલા ભારતીય નાગરિકોને તાલિબાનથી સુરક્ષિત રાખવા વતન પરત લાવવા પ્રધાનમંત્રીએ તત્કાલ ભારતીય વાયુસેનાનું પ્લેન મોકલી ત્યાં વસતા ભારતીય નાગરિકોને એરલિફ્ટ કરાવી વતન પરત લાવવાની વ્યવસ્થા કરી હતી. ગઈકાલે એક હેલિકોપ્ટર દિલ્હી ખાતે પહોંચ્યું હતું, સાથે જ આજે એરફોર્સના વિમાન સી-૧૭ દ્વારા અફઘાનિસ્તાનથી ૧૫૦થી વધુ ભારતીય નાગરિકોને સુરક્ષિત ભારત પરત લાવવામાં આવ્યા છે. જામનગર ખાતે આ વિમાન પહોંચતા અફઘાનિસ્તાનથી પરત આવેલ નાગરિકોની આંખોમાં હર્ષાશ્રુ આવી ગયા હતા. સુરક્ષિત વતન પર પહોંચતા જ ભારતીયોને હાશકારો થયો હતો. પ્રધાનમંત્રીએ સતત મોનીટરીંગ કરીને આ સમગ્ર મિશન ઉપર સ્વયં દેખરેખ રાખી હતી. જામનગર ખાતે પહોંચેલા અધિકાંશ લોકો અફઘાનિસ્તાન સ્થિત ભારતની સરકારી કચેરીઓના કર્મચારીઓ અને સરકારના વિવિધ પ્રોજેક્ટ્સમાં કામ કરનારા કર્મીઓ છે. અત્રે ઉલ્લેખનીય છે કે, કોરોનાના પ્રથમ તબક્કામાં પણ વિદેશોમાં વસતા ભારતીય નાગરિકોને એરલિફ્ટ કરી સુરક્ષિત ભારત લાવવામાં આવ્યા હતા તેમજ હાલ અફઘાનિસ્તાનમાં તાલિબાનોએ અરાજકતા સર્જતા ભારતીય નાગરિકોને કોઈ તકલીફ ન રહે તે માટે તત્કાલ પ્રધાનમંત્રીએ ભારતીય નાગરિકોની સુરક્ષા હેતુ વિમાન જામનગર ખાતે ઈંધણ ભરીને દિલ્હી જવા રવાના થશે. આ સમયે જામનગર એરપોર્ટ ખાતે ગુજરાતના રાજ્ય મંત્રી,



### અફઘાનથી પરત ફરેલા લોકો માતૃભૂમિ પર પગ મુકતા રડ્યા : નાગરિકોની આંખોમાં હર્ષાશ્રુ આવી ગયા હતા, સુરક્ષિત વતન પર પહોંચતા જ ભારતીયોને હાશકારો થયો હતો

ભારતીયોને એરલિફ્ટ કરવા મિશન મોડમાં કામગીરી હાથ ધરી હતી. જેમાં આજરોજ આશરે ૧૫૦થી વધુ ભારતીય નાગરિકો સુરક્ષિત વતન પરત ફર્યા છે. વાયુસેના એરબેઝ ખાતે પહોંચેલું મેયર બીનાબેન કોઠારી, ડેપ્યુટી મેયર તપનભાઈ પરમાર, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન મનીષભાઈ કટારીયા, દંડક કેતનભાઈ ગોસરાણી, શાસક પક્ષના નેતા

● અનુસંધાન પાન-૭ પર

## રાંધણ ગેસ સિલિન્ડરના ભાવમાં ૨૫ રૂપિયાનો વધારો ઝીંકાયો

### છેલ્લા ૮ મહિનામાં બાટલામાં ૧૬૫.૫૦નો ભાવ વધારો થયો

ન્યુ દિલ્હી,તા.૧૭

રાંધણ ગેસ સિલિન્ડરની કિંમતમાં ફરીથી એક વાર વધારો કરવામાં આવ્યો છે. આ વખતે ૨૫ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે. છેલ્લા આઠ મહિનામાં રાંધણ ગેસ સિલિન્ડર ૧૬૮ રૂપિયા મોંઘુ થઈ ચૂક્યુ છે. કૉમર્શિયલ ગેસ સિલિન્ડરના ભાવોમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. તમને જણાવી દઈએ કે સોમવારે જ નાણામંત્રી સીતારમણે પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ઘટાડો કરવાનો ઈનકાર કરી દીધો હતો અને તેના બીજા જ દિવસે રાંધણ ગેસના ભાવમાં વધારો ઝીકવામાં આવ્યો છે.

નોંધનીય છે કે અત્યાર સુધી ૧૪.૨૦ કિલોગ્રામના સિલિન્ડરના ભાવ ૮૩૮.૫૦ રૂપિયા હતાજે ૨૫ રૂપિયાના વધારા બાદ ૮૬૩.૫૦ રૂપિયા થઈ ગયા છે. આ વર્ષે જાન્યુઆરીમાં સિલિન્ડરની કિંમત ૭૦૭ રૂપિયા આસપાસ હતી જે આઠ મહિનામાં વધીને ૮૬૩.૫૦ રૂપિયા થઈ ગઈ છે. નવા દર મંગળવાર એટલે કે આજથી લાગુ થશે.






દ્વિતીય વાર્ષિક પુણ્યતિથિએ ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ

શું આપીએ અંજલી, શબ્દો ઓછા પડે છે,
શું આપીએ પુષ્પાંજલી, પુષ્પો ઓછા પડે છે,
અંજલી અર્પણ કરીએ તો આંસુ સરી પડે છે,
તસવીર તમારી નિહાળતાં અમારું હૈયું રડી પડે છે.

પરમકૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના



શહીદ સંજયકુમાર એમ. સાધુ
પોલીસ ઈન્સ્પેક્ટર, બીએસએફ
સ્વ. તા. ૧૮/૮/૨૦૧૯

એજ લી.
અંજના સંજયકુમાર સાધુ (પત્ની)
શ્રદ્ધા સંજયકુમાર સાધુ (પુત્રી)
આસ્થા સંજયકુમાર સાધુ (પુત્રી)
ઓમ સંજયકુમાર સાધુ (પુત્ર)

અભિનંદન



શ્રી દિપકભાઈ ગોસ્વામી
(મેનેજર, ગ્રેડ-૧, સરકીટ હાઉસ, ગાંધીનગર)

આપની ગેસ્ટ હાઉસ મેનેજર એસોસિએશન ગુજરાત રાજ્યના ઉપપ્રમુખ પદે થયેલ નિમણુંકને અંતરના ઉમળકાથી આવકારીએ છીએ અને સમગ્ર સ્ટાફ પરિવાર વતી ખૂબ જ અભિનંદન પાઠવીએ છીએ.
આપની ઉત્તરોત્તર પ્રગતિ થાય એવી શુભકામનાઓ પાઠવીએ છીએ...

લિ.
મહેન્દ્ર પ્રજાપતિ
(મેનેજર)
તથા સ્ટાફ પરિવાર
સરકીટ હાઉસ, ગાંધીનગર